

ગણેશોત્સવના અવસરે ઘરે ઘરે ગણેશજી સ્થાપન કરવામાં આવે છે. ઘણા પરિવારો દોઢ-બે દિવસે તો ઘણા પરિવારો પાંચથી સાત દિવસ દરમ્યાન ગણેશ વિસર્જન કરે છે. ઈન્દ્રોડા નજીક ગણેશ વિસર્જન માટે જતાં પરિવારો ઢોલ-નગારા અને ડી.જે.ના તાલે ઝુમી રહ્યા છે અને અબીલ-ગુલાલની છોળો ઉછાળી રહ્યા છે.

# ગુજરાત સાહિત્ય અકાદમી દ્વારા ‘અભિવાદન’ કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા. ૧૪

ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગર દ્વારા ‘અભિવાદન’ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. ઈન્ફોસિટી ખાતે યોજાયેલ આ કાર્યક્રમમાં અધ્યક્ષ તરીકે અકાદમીના અધ્યક્ષ વિષ્ણુ પંડ્યા ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમમાં નવ નિયુક્ત મહામાત્ર ડૉ. જયેન્દ્રસિંહ જાદવનું સ્વાગત, પૂર્વ મહામાત્ર ડૉ. હિમ્મત ભાલોડિયાનો વિદાય અને પૂર્વ મહામાત્ર ડૉ. અજયસિંહ ચૌહાણનું અભિવાદન કરવામાં આવ્યું હતું. અત્રે ઉલ્લેખનીય છે કે અકાદમીના પૂર્વ મહામાત્ર ડૉ. અજયસિંહ ચૌહાણ સેન્ટ્રલ યુનિવર્સિટીમાં એસોસિયેટ પ્રોફેસર તરીકે જોડાયા છે.



નવા મહામાત્ર તરીકે યુવા અધ્યાપક લેખક ડૉ. જયેન્દ્રસિંહ જાદવે કાર્યભાળ સંભાળ્યો છે. કાર્યક્રમમાં અકાદમી અધ્યક્ષ વિષ્ણુ પંડ્યાના જન્મદિન નિમિત્તે તેમનું વિશેષ સન્માન કરવામાં આવ્યું હતું. આવનાર દિવસોમાં અકાદમી દ્વારા ભાષા-સાહિત્યના ક્ષેત્રમાં નવા આયામો દ્વારા ગુજરાતી અને અન્ય ભારતીય ભાષાઓને બળ મળે તેવા પ્રયોગો કરવામાં આવશે તેમ જણાવવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં જાણીતી સાહિત્યિક સંસ્થાના પ્રમુખો, મંત્રીઓ, અગ્રગણ્ય સાહિત્યકારો ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમનનું સંચાલન ભૂમિકા ત્રિવેદીએ કર્યુ હતુ. સંયોજક તરીકે અજય પરમાર અને યજ્ઞેશ પ્રજાપતિએ સુંદર સંયોજન કર્યુ હતુ.



## ગુજરાત પ્રદેશ કોંગ્રેસ વોર્ડ નં. ૯ ના ઉમેદવારોનો ચૂંટણી પ્રચાર

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ દ્વારા પૂરજોશમાં ચૂંટણી પ્રચાર ચાલી રહ્યો છે. આગામી ૩જી ઓક્ટોબરે ગાંધીનગર મહાનગરપાલિકાની ચૂંટણી થવાની છે ત્યારે હવે ગણતરીના દિવસો બાકી રહ્યા છે. તેથી કોર્પોરેટરો દ્વારા વોર્ડ નં. ૯ માં ચૂંટણી પ્રચાર ચાલી રહ્યો છે. જેમાં કોંગ્રેસના કોર્પોરેટરો ઉર્પલભાઈ રામભાઈ જોષી, રાજેશ ઈશ્વરભાઈ પ્રજાપતિ, વૈશાલીબેન અરૂણકુમાર પરીખ અને હીનાબેન કૌશિકભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા હતા.

# હોટલમાં લગ્નની ચોરી શણગારી જુગારીયાઓ બાજી માંડીને બેઠા

### એલસીબી પોલીસે ૯ વાહનો, ૩૯ મોબાઈલ, ૯૦૫ કોઈન, રોકડા રૂપિયા મળી કુલ રૂ. ૧.૨૭ કરોડથી વધુનો મુદ્દામાલ કબ્જે કર્યો

ગાંધીનગર, તા. ૧૪

રાંધેજા ચોકડી માણસા તરફ જતા માર્ગ પર આવેલી સ્વાગત હોટલમાંથી જુગારધામ એલસીબી-૧ પોલીસે ઝડપી પાડ્યું છે. પોલીસે જુગારધામનો પર્દાફાશ કરી ૨૬ શકુનીઓને રોકડા રૂ. ૨.૧૮ લાખ, ૯૦૫ કોઈન, ૯ વાહનો અને ૩૯ મોઘાદાટ મોબાઈલ મળી કુલ રૂ. ૧,૨૭,૪૧,૧૦૦ નો મુદ્દામાલ પોલીસે કબ્જે કરી આગળની તપાસ હાથ ધરી છે.

મળતી વિગત મુજબ એલસીબી-૧ પી.આઈ. એચ.પી. ઝાલાના માર્ગદર્શન હેઠળ પીએસઆઈ વી.કે. રાઠોડ અને વાય.વાય. ચૌહાણ તેમજ ટીમના અન્ય સભ્યો પેટ્રોલીંગમાં હતા તે દરમિયાન સાથે રહેલા પોલીસ જવાનોને સંયુક્ત રીતે ખાનગી રાહે બાતમી મળી હતી કે મહેસાણા જિલ્લાના ઉંઝા ખાતે રહેતા ધર્મેશકુમાર રાયચંદભાઈ પટેલ (રહે. ઊંઝા) તથા કમલેશકુમાર જીવાભાઈ પટેલ (રહે. વિસનગર) અને રહીમભાઈ ગફારભાઈ નાગાણી (હાલ રહે. જુહાપુરા) ભેગા મળી રાજયના વિવિધ જિલ્લાઓમાં અલગ અલગ હોટલ કે રહેણાંક મકાનોમાં જુગારીઓને વિવિધ શહેરોમાંથી બોલાવી એકઠા કરી કોઈન અને પાનાથી જુગાર રમાડે છે. હાલમાં આ પ્રવૃત્તિ તેઓના મિત્ર હિરેનકુમાર અનંતભાઈ પટેલ (રહે. રાંધેજા)ની રાંધેજા ચોકડી પાસે આવેલી સ્વાગત હોટલના ઉપરના માળે હોલમાં જુગારધામ ધમધમી રહ્યુ છે. જેથી પોલીસે સ્વાગત હોટલમાં રેડ પાડીને હોટલના હોલની અંદર એક લગ્નની ચોરી સજાવી હતી. આ સજાવેલી ચોરીની આડમાં કુંડાળુ વળી પ્લાસ્ટીકના કોઈનથી જુગાર રમતા જુગારીઓને દબોચી લીધા હતા. પોલીસે જુગાર અંગે પુછતા રહીમ નાગાણી, ધર્મેશ પટેલ, તેમના મિત્ર કમલેશ પટેલ એકઠા થઈ અમદાવાદ અને બીજા જિલ્લામાંથી જુગારીઓને બોલાવી પૈસા લઈ નોટમાં એન્ટ્રી પાડી જુગાર રમવા માટે કોઈન આપતા હતા. હીરેન પટેલ હોટલના માલિક હોવાથી જુગારનું આયોજન કરતા હતા. જ્યારે કમલેશ પટેલને પણ પકડી પાડ્યો હતો. પોલીસે હોટલ પરથી રોકડા રૂ. ૨,૧૮,૬૦૦ કોઈન કુલ ૯૦૫, વાહનો નંગ ૯ કિં. ૧,૨૧,૦૦,૦૦૦, મોબાઈલ નંગ ૩૯ કિ. ૪,૨૨,૫૦૦ હિસાબના કાગળો સહિત મળી કુલ રૂ. ૧,૨૭,૪૧,૧૦૦ કબ્જે કરી આગળની તપાસ હાથ ધરી છે.

### પોલીસે પકડેલા જુગારીઓની યાદી

- રહીમભાઈ ગફારભાઈ નાગાણી (હાલ રહે. ડી-૧૦૦૨, અંકુર ટાવર જુહાપુરા અમદાવાદ, મુળ ૩૬ બજાર ધોળેશ્વર સ્ટ્રીટ જસદણ)
- ધર્મેશ રાયચંદ પટેલ (રહે. મ. નં. ૧ ગુરૂ મહારાજ મંદિરની પાસે ઉંઝા, જી. મહેસાણા)
- હીરેન અનંત પટેલ (રહે. અજાવત વાસ, રાંધેજા ગામ)
- દિનેશ બળવંત ઠક્કર (રહે. પ્લાસવા, તા. રાપર, જી. ભુજ હાલ રે. ક્રીક સીટી દુબઈ)
- તુલસી અમીરભાઈ જોશી (રહે. મ. નં. ૯૧, સંજયનગર ઉંઝા, મુળ રહે. વડાણ તા. લાભા)
- અશ્વિન બાબુલાલ શાહ (રહે. મ. નં. ૭૦૩ દિપા કોમ્પલેક્ષ, અડાજણ, સુરત શહેર)
- અલ્પેશ અજમલજી ઠાકોર (રહે. મગપુરા લુહાર સોસાયટીની સામે તા.જી. મહેસાણા)
- કિરણજી વિહાજી ઠાકોર (રહે. મગપુરા, લુહાર સોસાયટીની સામે મહેસાણા)
- જગુભા પોપટસિંહ ઝાલા (રહે. જય ભારત સોસાયટીની પાછળના ભાગે ગોગાપરૂ, રાધનપુર ચોકડી)
- સુનિલ અરવિંદ મિસ્ત્રી (રહે. ગાજરાવાડી રોડ, હનુમાનપોર વડોદરા)
- ગોપાલ પરેશ માવાણી (રહે. નુતન સ્કૂલની પાછળ ગીતાનગર હાલોલ, વડોદરા, તા.જી. પંચમહાલ)
- પ્રદિપ અશોકભાઈ દવે (રહે. મ.નં. ૧૦૩, મહાકાશી કોમ્પલેક્ષ વાડી, છેલ્લી પોળ વડોદરા)
- મહેશ રણછોડ દેસાઈ (રહે. એચ-૧ રાધે એપાર્ટમેન્ટ, આસોપાલવ બંગ્લોઝની સામે થલતેજ)
- જગદીશ બાપાલાલ ગોહિલ (રહે. મ. નં. ૩૪ નિર્ભય સોસાયટી પ્રેસ ક્વાટરની બાજુમાં રાજકોટ રોડ ભાવનગર)
- બળવંતજી નવઘણજી ચૌહાણ(ઠાકોર) (રહે. ઝાલા પગીનો વાસ, મકરબા ગામ, તા.જી. અમદાવાદ)
- મહમંદ ઈસ્માઈલ પીરભાઈ શેખ (રહે. મ.નં. ૫૮, અપનાનગર સોસાયટી, જુહાપુરા)
- હર્ષીદ પ્રહલાદ પટેલ (રહે. વાડીપુરાનો ચોરની બાજુમાં શંકરપુર, ઉંઝા, જી. મહેસાણા)
- વિમલ કાંતિલાલ પટેલ (રહે. મ.નં. ૨૬, સુરભિ સોસાયટી, બહાર માઢ, ઉંઝા, જી. મહેસાણા)
- જયદિપસિંહ વિક્રમસિંહ ચાવડા (રહે. ૬૪ ગજાનંદ રેસીડેન્સી, સીંગરવા, કડવાડા રોડ)
- ધવલ મહેશ પટેલ (રહે. મ.ન. ૫૪, શ્યામકુટીર સોસાયટી, હંસપુરા, નરોડા)
- અંકિત મહેશ ગજ્જર (રહે. શ્યામકુટીર નરોડા)
- ગીરીશ દારાભાઈ જાદવ (હાલ હોટલ સ્વાગત રાંધેજા)
- દિનેશ અંબાલાલ પટેલ (રહે. મ.નં. ૭, મેઘદૂત સોસાયટી, વિસનગર)
- દેવાંગ મહિપતરામ ત્રિવેદી (રહે. વિભાવરી સોસાયટી, વિભાગ-૧, જીવારજપાર્ક)
- જયેશ ચંદુલાલ શાહ (રહે. કલાકટી કોપ્લેક્ષ, હાલોલ)

### વિજળી પડતાં... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

જયારે અચાનક ઘરનો મોભી ગુમાવતા પરિવાર શોકમાં ગરકાવ થઈ ગયો હતો. ગાંધીનગર શહેરના સેકટર-૬ જ ટાઈપ બ્લોક નં. ૭૧-૨ ખાતે રહેતા અને જિલ્લા પંચાયત ખાતે રજીસ્ટ્રી શાખામાં પ્યુન તરીકે રજનીકાંત દુલેરા ફરજ બજાવતા હતા. મુળ ધોળકાના વતની રજનીકાંતભાઈના પરિવારમાં પત્ની રમિલાબેન, ૨૧ વર્ષિય દિકરો અને ૨૩ વર્ષિય દિકરી છે. જયારે રજનીકાંતભાઈના પત્ની પણ સહયોગ બિલ્ડીંગ ખાતે જિલ્લા રોજગાર કચેરીમાં પ્યુન તરીકે ફરજ બજાવે છે. જયારે નિત્યક્રમ મુજબ સવારે રજનીકાંતભાઈ જિલ્લા પંચાયત ખાતે નોકરી પર આવ્યા હતા. ત્યારબાદ જિલ્લા પંચાયત થી ટપાલ લઈને તેઓ જુના સચિવાલય આપવા માટે ગયા હતા. ટપાલ આપીને તેઓ પરત જિલ્લા પંચાયત ખાતે આવી રહ્યા હતા. ત્યારે ત્રણ વાગ્યાના અરસામાં અચાનક કડાકા ભડાકા સાથે વરસાદ વરસતો હતો. જેથી તેઓ બ્લોક નં.૧૧ ની પાસે ગાર્ડનમાં આવેલા લીમડાના ઝાડ નીચે બે ભાઈઓ અને ત્રણ મહિલાઓ પણ ઉભા હતા. તે સમયે લીમડાના ઝાડ પાસેથી પસાર થતા સમયે આકાશમાં થઈ રહેલા કડાકા ભડાકાની વચ્ચે અચાનક વિજળી રજનીકાંતભાઈ પર પડી હતી. વિજળી પડતા તેઓ ઢળી પડ્યા હતા, તે સમયે તેમના શર્ટ અને પેન્ટ પણ દાઝી ગયા હતા. જયારે તેમની સાથે ઉભા રહેલા બે ભાઈઓ અને ત્રણ બહેનો પણ નીચે પડી ગયા હોવાની વાત સામે આવી હતી. ભાઈ-બહેનોને અન્ય કર્મચારીઓએ ઢંઢોળતા તેઓ થોડીવારમાં ઉભા થઈ ગયા હતા. જયારે તાત્કાલીક ૧૦૮ બોલાવી રજનીકાંતભાઈ ને સારવાર માટે ગાંધીનગર સિવિલ ખસેડાયા હતા. પરંતુ સિવિલના ડોકટરે તેઓને તપાસીને મૃત જાહેર કર્યા હતા. વિજળી પડવાથી તેઓનું મૃત્યુ થયુ હોવાના સમાચાર વાયુવેગે જિલ્લા પંચાયત કચેરી ખાતે પહોંચતા કચેરી ખાતે શોકનો માહોલ સર્જાયો હતો. જયારે સિવિલ હોસ્પિટલ ખાતે પરિવારજનો તેમજ જિલ્લા પંચાયતના કર્મચારીઓ દોડી આવ્યા હતા. જયારે જુના સચિવાલય ખાતે પણ વિજળી પડવાની ઘટનાની જાણ જેમ જેમ કર્મચારીઓને થતા સ્થળ પર કર્મચારીઓ મોટીસંખ્યામાં એકઠા થયા હતા. બનાવ અંગે સેકટર-૭ પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

### શપથવિધિ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

નવા ચહેરાઓ તરીકે હર્ષ સંઘવી, દુષ્યંત પટેલ, કિરીટસિંહ રાણા, નીમાબેન આચાર્ય, અરવિંદભાઈ રૈયાણી અથવા ગોવિંદભાઈ પટેલ, ઋષિકેશ પટેલનો સમાવેશ થાય તેવી સંભાવનાઓ છે. રાજ્ય મંત્રીમંડળના શપથવિધિ સમારોહને લઈ તૈયારીઓ આરંભાઈ ચુકી છે. ૩૫ જેટલા સેક્શન અધિકારીઓ અને નાયબ સેક્શન અધિકારીઓને અંગત સચિવ અને અંગત મદદનીશ તરીકે બે મહિના અથવા તો મંત્રીશ્રીના નવા સ્ટાફની પસંદગી અને હુકમો ન થાય ત્યાં સુધી ફરજ બજાવવાના હુકમો પણ કરી દેવામાં આવ્યા છે.

### વેક્સિનેશન...● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સંખ્યા ૨.૫૦ લાખના આંકને પાર કરી ગઈ છે. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજ સુધીમાં ૭,૩૪,૦૫૬ લાભાર્થીને વેક્સિનનો પ્રથમ ડોઝ અને ૨,૫૪,૫૪૯ લાભાર્થીને વેક્સિનના બન્ને ડોઝ આપવામાં આવ્યા છે. જિલ્લામાં ૧૮૦ જેટલા ગામોમાં ૧૦૦ ટકા વેક્સિનનો પ્રથમ ડોઝ આપી દેવામાં આવ્યો છે. જિલ્લામાં વેક્સિનેશન અભિયાનને સઘન બનાવવા માટે તંત્રએ રાત્રિ કેમ્પ તેમજ ખાસ ગ્રામસભાઓ અને સમાજોના ધર્મગુરૂઓ સાથે પણ બેઠકો યોજવાની વ્યુહરચના તૈયાર કરી દીધી છે. જિલ્લામાં ૨જી ઓક્ટો. સુધીમાં મહત્તમ લોકોને વેક્સિનેશન અભિયાનમાં આવરી લેવા આરોગ્ય કમિશનરે ખાસ વિડીયો કોન્ફરન્સ કરી અને સૂચના આપી હતી જે નોંધનીય છે.

### વિચિત્ર મિજાજ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આજે દિવસના અંતે નોંધપાત્ર વરસાદ થયો નથી. પરંતુ વાદળિયા વાતાવરણ વચ્ચે વરસાદી નઝારો નિખર્યો હતો. સવારથી સાંજ સુધી વરસાદી વાદળોની અવરજવર વચ્ચે વરસાદી છાંટણા વરસ્યા હતા પરંતુ ધોધમાર વરસાદ ન વરસતા બપોરના સમયે ઉકળાટનુ પ્રમાણ વધ્યુ હતુ. ગઈકાલે પણ સાંજના સમયે બફારો વધ્યો હતો. સૌરાષ્ટ્રમાં સાંબેલાધાર વરસતા મેઘરાજા ગાંધીનગરમાં પણ મન મુકીને વરસે તેવી આશ નગરજનો સેવી રહ્યા છે. શહેરમાં સિઝનનો માંડ ૩૦ થી ૩૫ ટકા વરસાદ થયો છે. હવામાન તજજ્ઞોનાના મતે આગામી તા ૨૨ સપ્ટેમ્બર સુધી ભારે વરસાદ વરસવાની સંભાવના પણ પ્રબળ છે.

### નાવ પલટી... ● અનુસંધાન પહેલાનું ચાલુ

બાદ પોલીસ અને સ્થાનિક ધારાસભ્ય દેવેન્દ્ર ત્યાં પહોંચ્યા. ગયા અઠવાડિયે આસામમાં નાવ દુર્ઘટના ઘટી હતી ત્યાં જોરહાટમાં બે નાવ સામસામે ટકરાઈ ગઈ હતી. તેનાથી એક નાવ પલટી ગઈ અને તેની પર સવાર ૮૦થી વધારે લોકો ડૂબી ગયા હતા. મોટાભાગના લોકોને બચાવી લેવાયા હતા અથવા અમુક લોકો ગમે તે રીતે તરીને કિનારે આવી ગયા હતા. ઘટનામાં એક મહિલાનુ મોત થયુ હતુ. કેટલાક લોકો લાપતા થઈ ગયા હતા.

### ખર્ચ માટે... ● અનુસંધાન પહેલાનું ચાલુ

ક્યાંય મહિલાઓને કામ કરવા દેવામાં આવી રહ્યુ નથી તો ક્યાંક તાલિબાનના યોદ્ધાઓ દ્વારા અલગ-અલગ પાબંદીઓ લગાવાઈ રહી છે. એવામાં લોકો પોતાના ઘરનો જૂનો સામાન વેચીને રૂપિયા ભેગા કરવામાં લાગેલા છે. મોટી સંખ્યામાં લોકો તાલિબાનનુ રાજ આવ્યા બાદ દેશને પણ છોડીને ચાલી ગયા છે.



## ટીંટોડાના નાનપુરામાં મુખ્ય માર્ગ પર વરસાદી પાણીનો ભરાવો

ગાંધીનગર તાલુકાના ટીંટોડા ગામના પેટા પરા વિસ્તાર નાનપુરા ખાતે મુખ્ય માર્ગ પરથી વરસાદી પાણીનો નિકાલ થતો નથી જેના કારણે કાદવ-કિચડના માહોલ સાથે ગંદકી અને જીવજંતુઓનો ઉપદ્રવ વધાવાથી બીમારીઓ ફેલાઈ રહી છે. આમ તો આ વિસ્તારમાં ગટર અને વરસાદી પાણીના નિકાલની વ્યવસ્થા કરવામાં આવી છે તેમ છતાં તેમાં વરસાદી પાણીનો નિકાલ થતો નથી. આ માર્ગે રાહદારીઓ સહિત બાળકોને સ્કૂલ-ટ્યુશને જવાની પણ તકલીફ પડે છે અને એ માટે બીજો રસ્તો પણ નથી. નાનપુરા-ટીંટોડાના ગ્રામજનો દ્વારા તંત્રને અનેક રજુઆતો કરવામાં આવી છે પરંતુ તે બાબતે તંત્ર દ્વારા કોઈ ધ્યાન આપવામાં આવતું નથી તેવું સ્થાનિક રહીશોનું કહેવું છે.



સેકટર-૮ કુમારશાળાની પાછળના ભાગે કચરાપેટી કચરાથી ઉભરાઈ રહી છે. છેલ્લા ઘણા દિવસોથી અહીંથી કચરાપેટીને ઉઠાવવામાં આવી નથી. સતત અહીં કચરો પડયો રહેતા આસપાસ દુર્ગંધ ફેલાઈ રહી છે.

# મીના બજારમાંથી કેફી પીણું પીધેલા ત્રણ નબીરા ઝડપાયા

ગાંધીનગર, તા. ૧૪

સેક્ટર-૭ પોલીસમથકના જવાનો રાત્રીના સમયે પોલીસમથક વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા તે દરમિયાન પોલીસને બાતમી મળી હતી કે સેક્ટર-૧૦ મીના બજાર ખાતે ફોર્ડ કારમાં ચાર શખ્સો કારના દરવાજા ખુલ્લા રાખી કેફી પીણું પીધેલી હાલતમાં મસ્તી કરી રહ્યા છે. જેથી પોલીસની ટીમના સભ્યો મીનાબજાર ખાતે દોડી ગયા હતા. જ્યાં પોલીસને ત્રણ શખ્સો કેફી પીણુ પીધેલી હાલતમાં મળી આવ્યા હતા. પોલીસે નામ પુંછતા રૂધાંશ કમલેશ પટેલ (રહે. પુષ્પવન એપાર્ટમેન્ટ બોડકદેવ), હાર્દિક હસમુખ પટેલ (રહે. સત્વ સારદા હરિદર્શન રોડ નરોડા) તેમજ ઝલકભાઈ પ્રવિણભાઈ કપોપરા (લાઈન-૧ સત્યાગ્રહ છાવણી સેટેલાઈ) હોવાનું સામે આવ્યુ હતુ. પોલીસે રૂ. ૧.૨૦ લાખના મોબાઈલ જપ્ત કરી ધરપકડ કરી આગળની તપાસ હાથ ધરી છે.

# આગામી ૨૨મી સપ્ટેમ્બર સુધીમાં ગાંધીનગર-અમદાવાદમાં ભારે વરસાદ

### બંગાળના ઉપસાગરમાં એક બાદ એક સિસ્ટમ સક્રીય થતા ઉત્તર અને મધ્ય ગુજરાતમાં વરસાદ થવાની સંભાવના : અંબાલાલ પટેલ

ગાંધીનગર તા ૧૪

સૌરાષ્ટ્રમાં અતિભારે વરસાદના લીધે ચોમેર પાણી પાણી થઈ ગયુ છે. પરંતુ ઉત્તર અને મધ્ય ગુજરાતમાં હજુ પુરતો વરસાદ થયો નથી ત્યારે બંગાળન ઉપસાગરમાં એક બાદ એક સિસ્ટમ સક્રીય થતા હવે આ વિસ્તારમાં પણ સારો વરસાદ થશે આગામી તા ૨૨ સપ્ટેમ્બર સુધીમાં આ ભાગોમાં ભારે વરસાદ થવાની સંભાવના છે. ગાંધીનગર અમદવાદાના વિસ્તારમાં સારો વરસાદ થશે તેમ પણ હવામાન તજજ્ઞોએ જણાંવ્યુ છે.

જાણીતા જયોતિષ શાસ્ત્રી અંબાલાલ પટેલના જણાંવ્યા મુજબ અતિ ભારે વરસાદથી પશ્ચિમ સૌરાષ્ટ્રના ભાગોમાં જનધનનને ભારે હાનિ થવા માંડે ત્યારે હજુ ઉત્તર મધ્ય ગુજરાતમાં વરસાદ ઓછો છે. જળાશયો ભરાય તો અને વધુ વરસાદી પાણી જમીનમાં ઉતરે તો રવિ પાકો સારા થાય વરસાદ અંગે જોતા બંગાળના ઉપસાગરમાં એક બાદ એક સિસ્ટમો સક્રીય થતા ઉત્તર મધ્ય ગુજરાતના ભાગોમાં પણ સારો વરસાદ થશે. તા ૧૭ સપ્ટેમ્બર સુધીમાં અમદાવાદ, ગાંધીનગર ઉત્તર ગુજરાતના ભાગો મહેસાણા વિસનગર વડનગર સિધ્ધપુર સમી, હારીજ પાટણ, વગેરે ભાગોમાં વરસાદ થવાની સંભાવના છે. કેટલાક ભાગોમાં ભારે વરસાદ થવાની સંભાવના છે. વરસાદી ઝાપટાનુ જોર તા ૨૨ સપ્ટેમ્બર સુધી રહેશે. ભાદરવી પુનમની આસપાસ પણ વરસાદ થવાની સંભાવના છે. સપ્ટેમ્બર માસમાં રાજયના ઘણાં ભાગોમાં સારો વરસાદ થવાની શકયતા છે. સૌરાષ્ટ્રના ભાગોમાં પણ વરસાદની ઘટવાળા વિસ્તારોમાં વરસાદ થશે. કચ્છમાં પણ ભારે વરસાદ થવાની સંભાવના છે. બંગાળના ઉપસાગરનુ વહન અને અરબ સાગરના ભેજથી દક્ષિણ મહારાષ્ટ્રના ભાગો તેમજ દક્ષિણ ગુજરાતના ભાગોમાં ભારેથી અતિભારે વરસાદ થવાની સંભાવના છે. તાપી નદીના જળસ્તરમાં વધારો થશે. મધ્યપ્રદેશ તેમજ રાજસ્થાનના ભાગોમાં પણ વરસાદ થવાની સંભાવના છે. નર્મદાના જળસ્તરમાં વધારો થશે. પંચમહાલ અરવલ્લી સાબરકાંઠા પ્રાંતિજ હિંમતનગર ઈડર તેમજ ખેડબ્રહ્મા દાંતા પાલનપુર વગેરે ભાગોમાં વરસાદ થશે કડી બેચરાજી , વિરમગામના ભાગો સુરેન્દ્રનગર જિલ્લાના ભાગોમાં પણ વરસાદ થશે. હમણાં વરસાદ કોઈ કોઈ ભાગોમાં એક થી માંડી ચાર ઈંચ સુધીનો વરસાદ તેમજ દક્ષિણ ગુજરાતમાં અતિભારે વરસાદ થવાની સંભાવના છે. ગાંધીનગર અમદવાદામાં એક થી બે ઈંચ વરસાદ થવાની સંભાવના છે. વડોદરાના ભાગોમાં વરસાદ થતા અમદાવાદ ગાંધીનગરમાં ભારે વરસાદ થઈ શકશે.

## શ્રી ગજાનન સેવા સમિતિ દ્વારા કોલવડા ખાતે સેવાકાર્ય

ગાંધીનગર, તા.૧૪

શ્રી ગજાનન સેવા સમિતિ દ્વારા કોલવડાની કે.કે. પટેલ માધ્યમિક શાળામાં ફૂલસ્કેપ ચોપડા અને બોલપેનનું વિતરણ કરવામાં આવ્યું હતું. ધોરણ ૯ અને ૧૦માં અભ્યાસ કરતી વિદ્યાર્થીનીઓને આચાર્યના હસ્તે ચોપડાનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં મિલિન્દ ગુપ્તા તથા પ્રશાંત દુબે ઉપસ્થિત રહ્યા હતા.